# 7.પગલે - પગલે

## ભાષા સજ્જતા

પાંચમા ધોરણમાં તમે સંજ્ઞા (નામ) વિશે શીખી ગયાં છો. વ્યક્તિ,પ્રાણી,પદાર્થ કે વસ્તુને સૂચવે તે સંજ્ઞા કહેવાય.

નીચે કેટલીક સંજ્ઞાઓ આપી છે તે વાંચો :

ઝાડ, નદી, પર્વત, સરોવર, પશુ, પંખી, નગર, ગામ, શાળા, ફૂલ

ઉપરના આપેલા નામો (સંજ્ઞા) તે નામથી ઓળખાતા આખા સમૂહને તેમજ તેમાંના દરેકને લાગુ પડે છે. આથી તેને **જાતિવાચક સંજ્ઞા** કહેવાય.

નીચેની સંજ્ઞાઓ વાંચો :

વલ્લભભાઈ, ગાંધીજી, પ્રિયા, કબીરવડ, હિમાલય, ગંગાનદી, ભાવનગર, સુરત

આ બધી સંજ્ઞાઓ કોઈ ચોક્કસ વ્યક્તિની તથા સ્થળની ઓળખ આપે છે એટલે કે તે નામથી ઓળખાતી એક વ્યક્તિ અથવા એક સ્થળને જ લાગુ પડે છે. આથી તેને **વ્યક્તિવાચક સંજ્ઞા** કહે છે.